ગાંધીનગર સમાચાર

જિલ્લાના ૪૪ ગામોમાં ૧૦૦ ટકા શૌચાલય

# શહેરમાં વધુ દોઢ ઈંચ વરસાદ





(તસવીર : દિપક જાની)

## મોસમનો ૨૭ ઇંચ નોંધાયો : સતત વરસાદી માહોલથી જનજીવન પ્રભાવિત

## સેક્ટરોમાં પાણીના ભરાવા સાથે વરસાદી સમસ્યાઓથી રહીશો તોબા

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળોના લીધે રોજબરોજ વરસાદના હળવા ભારે ઝાપટા વરસે છે. સતત વરસતા વરસાદના લીધે ઠેર ઠેર પાણીનો ભરાવો જોવા મળે છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો. ગઈકાલે રાત્રે મેઘરાજા મુશળધાર વરસતા સેકટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં સિઝનનો ૨૭ ઈંચ વરસાદ નોંધાયો છે.

આગામી દિવસોમાં પણ વરસાદી વાતવરણ યથાવત રહેશે તેમ પણ હવામાન તજજ્ઞોનુ માનવુ છે.

શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજાનો મુડ યથાવત જોવા મળી રહયો છે. રોજબરોજ સવારથી જ આકાશમાં જળ ભરેલા વાદળોનો

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં હજુ પણ વરસાદની ૨૮ ટકા ઘટ છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકામાં ગત વર્ષે આ સમયની તુલનામાં વરસાદની ઘટ છે જોકે જિલ્લામાં હજુ વરસાદની ઘટ ૨૮ ટકા જેટલી છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી જે વરસાદી માહોલ છવાયો છે પરંતુ વરસાદ હજુ મન મુકીને વરસતો હોય તેવુ લાગતુ નથી અને જિલ્લામાં આ વર્ષે ચોમાસામાં હજુ ૨૮ ટકા જેટલી ઘટ જોવા મળી રહી છે.

**માણસા, કલોલ અને ગાંધીનગર તાલુકામાં ગત વર્ષ કરતાં ઓછો વરસાદ નોંધાયો છે**

જિલ્લામાં ચોમાસા દરમ્યાન સામાન્યતઃ ૮૨૨ મિ.મિ. જેટલો વરસાદ નોંધાતો હોય છે. તેની સામે અત્યાર સુધીમાં માત્ર ૭૧.૭૮ ટકા વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર શહેર અને તાલુકામાં આજે સાંજે ૮ વાગ્યા સુધીમાં દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે કલોલમાં પણ એકાદ ઈંચ વરસાદ થયો છે.

જિલ્લાના ગાંધીનગર, કલોલ અને માણસા તાલુકામાં ગત વર્ષની તુલનામાં આ વર્ષે વરસાદ ઘણો ઓછો નોંધાયો છે તો દહેગામમાં તેની સરાસરી જળવાઈ રહેવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં ૭૪.૮૧ ટકા, ગાંધીનગરમાં ૬૧.૦૪ ટકા, કલોલમાં ૭૦.૨૨ ટકા અને માણસામાં ૮૧.૦૩ ટકા જેટલો વરસાદ આ સિઝનમાં નોંધાયો છે. ઓછો વરસાદ અને વરસાદના દિવસો પણ ઓછા નોંધાયા છે તે પણ પહેલીવાર જોવા મળી રહ્યું છે.

જિલ્લામાં આકાશી ખેતી કરતા ખેડૂતોનું માનવું છે કે છેલ્લી ત્રણેક સિઝનથી પાછોતરો વરસાદ સારો થાય છે એટલે હજુ પણ સારો વરસાદ થવાની આશા છે. પાછોતરા વરસાદનું સમયસર આગમનથી ખેતીને નવજીવન મળ્યું છે. તેમજ પાણીના સ્ત્રોતો પણ સારા એવા રિચાર્જ થયા છે.

જિલ્લામાં આ વખતે ખેડૂતો દ્વારા પાછોતરા

● અનુસંધાન પાન-૭ પર

# તાલુકા પંચાયતના પ્રમુખ પદે ભાજપના કાળાજી ઠાકોરની બિનહરીફ વરણી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકા પંચાયતના હોદ્દેદારોની ચૂંટણી માટે આજે મળેલી ખાસ સામાન્ય સભામાં પ્રમુખ તરીકે શ્રી કાળાજી ઠાકોર અને ઉપપ્રમુખ તરીકે સરોજબેન પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

અધ્યાશી અધિકારી ડી.જી. મોદીના અધ્યક્ષપદે સામાન્યસભા મળી તે અગાઉ કોંગ્રેસ પક્ષે ગઈકાલે નોંધાવેલી ઉમેદવારી આજે પાછી ખેંચી લેતાં અધ્યાશી અધિકારીએ માત્ર જાહેરાત કરી અને સામાન્ય સભા સંપન્ન થયાની ઘોષણા કરી હતી.

કોંગ્રેસ પક્ષે પ્રમુખ તરીકે શ્રી ગોવિંદભાઈ તેમજ ઉપપ્રમુખ તરીકે આશાબેન ચૌહાણના ઉમેદવારી પત્રો ભરાવ્યા હતા પરંતુ આજે સવારે આ બન્ને ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પાછા ખેંચ્યા હતા.

ભાજપના બન્ને ઉમેદવારોને વિજેતા જાહેર કરી અધ્યાશી અધિકારી સભાખંડ છોડી ગયા હતા. નવા ચૂંટાયેલા પ્રમુખ શ્રી કાળાજી ઠાકોરે તેમનામાં પુનઃ સભ્યોએ મુકેલ વિશ્વાસ માટે સભ્યોનો આભાર માની આગામી દિવસોમાં વિકાસની ગતિને વધુ વેગીલી બનાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ભાજપના શ્રી ઘનશ્યામભાઈ પટેલે પણ પોતાના ટુંકા પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે હોદ્દેદારોની સર્વાનુમતે અને બિનહરિફ વરણીથી આજે હું ગૌરવ અનુભવુ છે કે હું આ પંચાયતનો સભ્ય છુ. તેમણે જણાવ્યું હતું કે સભ્ય સંખ્યા નહિ પણ સભ્યોનો વિશ્વાસ મહત્વનો છે. આવી જ સમરસતા આગામી દિવસોમાં પણ આપણે બતાવી વિકાસને વેગવંતો બનાવીશુ.

કોંગ્રેસના શ્રી હાથીભાઈ ચૌધરીએ પણ નવા હોદ્દેદારોને

## રશ્મિકા ભાવે કેસનું રિકન્સ્ટ્રકશન કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં બહુ ચર્ચિત રશ્મિકા ભાવે હત્યા પ્રકરણે તપાસ આરંભી રહેલ સીઆઈડી ક્રાઈમે સમગ્ર કેસને રિકન્સ્ટ્રક્શન કરવાનો નિર્ણય કર્યો છે. ગાંધીનગર શહેરમાં ખૂબજ ચર્ચાયેલ રશ્મિકા ભાવે હત્યા પ્રકરણમાં બે વર્ષની તપાસ બાદ સિઆઈડી ક્રાઈમે સમગ્ર પ્રકરણની તપાસ સોંપાઈ હતી. સીઆઈડી ક્રાઈમે આખા કેસનું રિકસ્ટ્રકશન કરવાનું આજે જાહેર કર્યું હતું. જેમાં હત્યા સમયથી લઈને પોલીસ તપાસ સુધીની તમામ ઘટનાઓનો ઝીણવટભરી પાત્રો અને પ્રસંગોની તપાસ કરાશે.

# જિલ્લાના ૪૪ ગામોમાં ૧૦૦ ટકા શૌચાલય

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાના ૭૮ ગામ એવા છે જ્યાં ૧૦૦ કરતાં ઓછી સંખ્યામાં શૌચાલયો બનાવવાના બાકી છે. આ ગામોમાં માર્ચ-૨૦૧૬ સુધીમાં શૌચાલયો બનાવી તેમને નિર્મળ બનાવવા માટે તંત્રએ કમર કસી છે.

જિલ્લામાં આમ તો ૪૪ ગામો એવા છે જ્યાં ૧૦૦ ટકા શૌચાલયો બન્યા છે જો કે તંત્રના અંદાજ પ્રમાણે ૨૦૨૦ સુધીમાં જિલ્લાના તમામ ગામો શૌચાલયની સુવિધા ધરાવતા હશે.

નિર્મળ ભારત અભિયાન અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે

**જિલ્લાના તમામ ગામોમાં ૨૦૨૦ સુધીમાં શૌચાલયની સુવિધા નિર્માણ કરાશે : જિલ્લાના ૭૮ ગામ એવા છે જ્યાં ૨૦૦થી ઓછા શૌચાલયો બનાવવાના બાકી**

જિલ્લામાં ચાલી રહેલી કામગીરીની સમીક્ષા પણ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આ ૭૮ ગામોમાં શૌચાલય ઝડપથી બને તે માટે તંત્રએ અધિકારીઓને પણ વિશેષ કામગીરી સુપ્રત કરી અને મોનીટરીંગ કરવા જણાવ્યું છે.

જિલ્લાને આમ તો ૨૦૧૬ સુધીમાં નિર્મળ બનાવવાનું આયોજન અગાઉ કરાયું હતું પરંતુ ઉદાસીનતા તંત્રની અને લોકોની રહેવાને કારણે હવે ૨૦૨૦ સુધીમાં જિલ્લો નિર્મળ બનાવવમાં આવશે.

જિલ્લામાં સ્વચ્છતા મિશન પર પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. જિલ્લામાં હાલ ૮૦૦થી વધુ શૌચાલયો બનાવવાના બાકી છે જ્યારે ૩૪૨ શૌચાલયોની કામગીરી પ્રગતિ હેઠળ છે અને ૯૯૫૫ જેટલા શૌચાલયો બનાવી દેવામાં આવ્યા છે.

# નગરના ઘ-માર્ગ તેમજ જીઆઈડીસીના રસ્તાઓનુ ટુંકમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૨

શહેરમાં સતત વરસાદના લીધે રસ્તાઓનુ ધોવાણ થયુ છે. જેમાં નગરનો મુખ્ય ઘ માર્ગ સાવ બિસ્માર હાલતમાં છે. ત્યારે તંત્ર દ્વારા નગરના મુખ્ય માર્ગ સહીત અન્ય આંતરિક રસ્તાઓના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા આયોજન કરી દેવામાં આવ્યુ છે.વરસાદી વાદળો દુર થતા જ રસ્તાઓનુ કામ શરૂ કરી દેવાશે.

**વરસાદી વાદળો દુર થયા બાદ રસ્તાઓના રિસરફેસીંગનુ કામ શરૂ કરાશે**

શહેરમાં રસ્તાઓની હાલત પણ ઉબડ ખાબડ બની છે. સતત વરસાદના લીધે નગરના માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. જેમાં કેટલાક રસ્તાઓને નિયત સમય પુર્ણ થઈ ગયો હોવાથી શહેરના મુખ્ય ઘ માર્ગ સહીત સેકટરોના આંતરિક રસ્તાઓ પણ બિસ્માર બન્યા છે. શહેરના ઘ માર્ગ સદંતર કફોડી હાલતમાં છે. ત્યારે તંત્ર દ્વારા વરસાદી દિવસો બાદ આ રસ્તાને ચકાચક બનાવવાનુ કામ શરૂ કરી દેવાશે વિભાગ દ્વારા આ કામને અનુલક્ષીને જરૂરી મંજુરી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત રોડનં ૬ તેમજ વિધાનસભા પાછળના રસ્તાઓનુ પણ નવિનીકરણ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત જી આઈ ડી સી વિસ્તારના રસ્તાઓનુ પણ વર્ષોના અંતે રસ્તાઓનુ કામ હાથ ધરવામાં આવશે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીની શહેરી વિકાસ યોજના અન્વયે પાટનગર યોજનાને રૂપિયા ૧૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. જેના અંતે ટુંકમાં જ રસ્તાઓનુ કામ શરૂ કરી દેવામાં આવશે.

શહેરમાં સેકટરોના આંતરિક રસ્તાઓનુ કામ પણ બાકી છે. જેમાં સેકટર ૧ થી ૫ના રસ્તાઓની સપાટી પણ ખરબચડી બની છે. જયારે સે-૬ થી ૩૦ માં પણ ઘણાં સેકટરોમાં રસ્તાઓનુ કામ બાકી છે. ત્યારે સેકટરોના આંતરિક રસ્તાઓનુ કામ પુર્ણ કરવા પણ આયોજન કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.









યુવક મહોત્સવની મોસમ - ગાંધીનગર સ્થિત 'ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન' દ્વારા યુથ ફેસ્ટીવલનું આયોજન ૨૨ અને ૨૩ સપ્ટેમ્બર દરમ્યાન કરવામાં આવ્યું હતું. ૨૨ સપ્ટેમ્બરના રોજ ફાઈન આર્ટસને લગતી જેવી કે ક્લે મોડલીંગ, ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ, ક્વીઝ, કોલાજ, ડીબેટ, રંગોળી, પોસ્ટર મેકીંગની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. ૨૩ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે માઈમ, સ્કીટ, મીમીક્રી, એક પાત્રીય, શાસ્ત્રીય ગાયન, ગ્રુપ સોંગ્સ, ક્લાસીકલ ડાન્સ, ફોક ડાન્સ, આદિવાસી ડાન્સ જેવી રંગમંચલક્ષી કલાઓની સ્પર્ધાઓ યોજાશે. બંને દિવસ ચાલનારા આ યુથ ફેસ્ટીવલમાં કુલ ૪૪૫ વિદ્યાર્થીઓ ભાગ લેશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં વરસાદી વાયરામાં ૧૫ વૃક્ષો ધરાશાયી થયા

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં આ વર્ષે ચોમાસા દરમિયાન હરિયાળીનો સોથ વળી ગયો છે. ગત જુલાઈ મહીના દરમિયાન તોફાની વરસાદ દરમિયાન સેંકડો વૃક્ષો ધરાશાયી થતા નગરના રસ્તાઓ પણ બ્લોક થઈ ગયા હતા. જયારે છેલ્લા ચાર દિવસથી શહેરમાં વરસાદી વાતાવરણના લીધે ભયજનક વૃક્ષો જમીનદોસ્ત થતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ગત રાત્રિના વરસાદ દરમિયાન શહેરમાં ૧૫ જેટલા વૃક્ષો જમીનદોસ્થ થયા હોવાનુ ધ્યાને આવ્યુ છે.

શહેરમાં વરસાદી વાતાવરણમાં વૃક્ષો જમીનદોસ્ત થતા આમ નાગરિકો માટે પણ ખતરો જળુંબી રહયો છે. ગત જુલાઈ મહીના દરમિયાન આવેલા તોફાની વરસાદ દરમિયાન શહેરમા હજારો વૃક્ષો ધરાશાયી થયા હતા. આ દરમિયાન નગરમાં મુખ્ય માર્ગ સહીતના રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. શહેરમાં ટપોટપ જમીન દોસ્ત થતા વૃક્ષોના લીધે આમ નાગરિકો પર ખતરો મંડરાયો હતો. જયારે વન વિભાગ કક્ષાએથી હજુ સુધી વૃક્ષો દુર કરવાની કામગીરી સંપુર્ણ રીતે પુર્ણ થઈ શકી નથી. જયારે વનતંત્રની મંદ કામગીરીને લીધે સ્થાનિક રહીશોએ જોખમી સ્થિતિ વચ્ચે ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. હાલ છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ યથાવત છે.ત્યારે શહેરમાં ૧૫ જેટલા વૃક્ષો જમીનદોસ્ત થયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમા નગરના મુખ્ય ચ માર્ગ સહીત સે-૨૧ થી વિશ્રામ ગૃહ તરફ જવાનો રસ્તા પર પણ વૃક્ષો પડી ગયા હતા.

**ચ માર્ગ સહીત સેકટરોના આંતરીક વિસ્તારોમાં પણ વૃક્ષો પડયા**

વન વિભાગ દ્વારા ભયજનક વૃક્ષો દુર કરવા તરફ ધ્યાન આપવામાં ન આવતુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ત્યારે શહેરમાં જોખમી વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. સેકટરોના મુખ્ય માર્ગ ઉપરાંત સેકટરોના આંતરિક વિસ્તારોમાં માર્ગને સમાંતર ઉભેલા જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાથી રાહદારીઓ ગમે ત્યારે અકસ્માતનો ભાગ બને તેવી દહેશત છે.

GIPL
Guj Info Petro Limited
Corporate Identity Number : U72900GJ2001PLC039163

VEHICLE FOR SALE

GIPL vehicle no. GJ-18-AC-2429, (Type - Chevrolet Aveo UVA A 1.2LS CNG BS 3-Cashmere), Year of Purchase – October 2007, Minimum Base Value - Rs. 40,000/- is for sale on as and where basis.

Interested parties may inspect the vehicle at the parking area of Block No. 15, Udyog Bhavan, Gandhinagar – 382017 on any working day during 11.00 AM to 05.00 PM. The offers for purchase of vehicle may be submitted in a sealed cover with EMD of Rs. 5000/- by DD in favor of GIPL payable at Gandhinagar at following address latest by 5.00 PM on or before 30th September 2015. Bidders should quote value which is higher to the Minimum Base Value. The bidders to mention "Offer for Purchase of Vehicle" on top of the sealed cover. The company reserves its right to reject any or all the offers without assigning any reason.

Chief Executive officer, Guj Info Petro Limited
3rd Floor, Block No.15, Udyog Bhavan, Sector 11, Gandhinagar – 382017.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com